પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૮૪ | ૧૪ સપ્ટેમ્બર, ૨૦૨૧, મંગળવાર; ભાદરવા સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# સૌરાષ્ટ્રમાં સાંબેલાધાર વરસાદ

## જામનગર, જૂનાગઢ, રાજકોટમાં આભ ફાટ્યું : જામનગર તાલુકાના અનેક વિસ્તાર બેટમાં ફેરવાયા, મોટીબાણુગારમાં ૨૨ ઈંચ વરસાદ, ઠેર-ઠેર પાણી ભરાયા, કેટલાક ગામ સંપર્ક વિહોણાં બન્યા : ૫૦૦૦ને સલામત ખસેડાયા

જામનગર , તા.૧૩

હવામાન વિભાગની આગાહીના પગલે સૌરાષ્ટ્ર સહિત ગુજરાતભરમાં વરસાદ જામ્યો છે. ત્યારે જામનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં અતિભારે વરસાદ પડવાથી કેટલાય વિસ્તાર બેટમાં ફેરવાઈ ગયા છે. જેના કારણે જામનગર તાલુકાના મોટાભાગના ડેમ પણ ઓવરફલો થઈ ચૂક્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર કાલાવડમાં ધોધમાર ૧૦ ઈંચથી વધુ વરસાદ પડ્યો છે તો જામનગરના મોટીબાણુગારમાં આભ ફાટ્યુ હોય તેવી સ્થિતિ છે. મીડિયા રિપોર્ટ મુજબ ગામમાં અત્યાર સુધીમાં ૨૨ ઈંચ જેટલો વરસાદ પડતા આખું ગામ બેટમાં ફેરવાઈ ગયું છે સાથે જ કેટલાક ગામનો પણ સંપર્ક વિહોણા બન્યા છે. રાજકોટમાં જિલ્લામાં મેઘતાંડવને કારણે સાર્વત્રિક જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. દરમિયાન વાયુસેનાના હેલિકોપ્ટર દ્વારા લોકોને એરલિફ્ટ કરવામાં આવી રહ્યા છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે અત્યાર સુધી રાજકોટ અને જામનગર જિલ્લામાં ૫૦૦૦થી વધુ લોકોને સલામત સ્થળે ખસેડાયા હોવાનું જાણવા મળ્યું છે.


સૌરાષ્ટ્રમાં બારેમેઘ ખાંગાઃ સવારે ૬થી બપોરે ૨ વાગ્યા સુધી પડેલા વરસાદના આંકડાઃ જુનાગઢ- જુનાગઢ શહેર- ૪.૩૭ ઈંચ, વિસાવદર- ૧૩.૬૬ ઈંચ, રાજકોટ- જામકંડોરણા- ૩.૫૦ ઈંચ, ઉપલેટા- ૩.૦૩ ઈંચ, પડધરી- ૪.૫૬ ઈંચ, ગોંડલ- ૫ ઈંચ, ધોરાજી- ૭.૫૫ ઈંચ, રાજકોટ- ૧૧.૨૫ ઈંચ, લોધિકા- ૧૩.૫૦ ઈંચ, જામનગર- કાલાવડ- ૧૦.૧૫ ઈંચ.

પ્રાપ્ત માહિતી અનુસાર રાજકોટ શહેર તથા જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં વરસેલા ભારે વરસાદના કારણે આજી-૨ ડેમમાં નવા નીર આવ્યા હતાં. ડેમ સપાટીએ પહોંચતા ચાર દરવાજા ખોલાયા છે. જેના કારણે આજી નદી બે કાંઠે વહેતી હોવાથી રામનાથ મહાદેવ મંદિર નજીકથી પાણીનો ધસમસતો પ્રવાહ જોવા મળી રહ્યો છે. આ ઉપરાંત નીચાણવાળા વિસ્તારોને એલર્ટ તેમજ લોકોને નદી કિનારે ન જવાની પ્રશાસન તરફથી સૂચના આપવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. જૂનાગઢના માંગરોળ પંથકમાં ગતરાત વરસાદ પડી રહ્યો હોવાનું જાણવા મળ્યું છે. મીડિયા રિપોર્ટ મુજબ માંગરોળના ફુલરામા અને ઘેડ પંથકના ગામોમાં પાણી ભરાવવાનું શરૂ થયું છે. સવાર સુધીમાં તો માંગરોળનો ઘેડ પંથક બેટમાં ફેરવાઈ ગયો છે. ભારે વરસાદને કારણે સ્થાનિક નદીઓમાં ગાંડીતુર બની ગઈ છે. આ ઉપરાંત દામોદર કુંડમાં પણ ઘોડાપૂર આવ્યું છે. સૌરાષ્ટ્રમાં ધોધમાર વરસાદને કારણે જામનગર-રાજકોટ હાઈવે સંપૂર્ણપણે સંપર્ક વિહોણો થયો હોવાની માહિતી મળી છે. જામનગર શહેરની બહાર નીકળવાના તમામ ખીજડીયા બાયપાસ, ઘુવાવ પાસે આવેલા પૂલ અને હાઈવે પર પાણી વરસાદી પાણી ફરી વળ્યા છે. મીડિયા રિપોર્ટ મુજબ જામનગર પંચકોશી એ ડિવિઝન પોલીસ સ્ટેશન પાણીમાં ગરકાવ થઈ ચૂક્યું છે અને આસપાસના વિસ્તારો પણ બેટમાં ફેરવાઈ ગયા છે.













## કોંગ્રેસના અગ્રણી નેતા ઓસ્કર ફર્નાન્ડીઝનું નિધન

### યોગ કરતા સમયે ઈજા બાદ તબિયત લથડી હતી

મેંગ્લુરુ, તા.૧૩

પૂર્વ કેન્દ્રીય મંત્રી અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા ઓસ્કર ફર્નાંડિઝનું નિધન થયું છે. કર્ણાટકના મેંગ્લુરુમાં ઓસ્કર ફર્નાંડિઝે અંતિમ શ્વાસ લીધા. હોસ્પિટલ તરફથી તેની પુષ્ટિ કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે ઓસ્કર ફર્નાંડિઝ ગાંધી પરિવારના નજીકના નેતા માનવામાં આવે છે.

૮૦ વર્ષના ઓસ્કર ફર્નાંડિઝ લાંબા સમયથી બીમાર હતા અને કેટલાક અઠવાડિયાથી તેમને મેંગ્લુરુના હોસ્પિટલમાં દાખલ હતા. આ વર્ષે યોગ કરતા સમયે તેમને ઈજા પણ થઈ હતી, ત્યારબાદથી તેમની તબિયત લથડી હતી.

ઓસ્કર ફર્નાંડિઝની ગણતરી કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીના નજીકના નેતાઓમાં થતી હતી. તેઓ યુપીએ સરકારમાં માર્ગ-પરિવહન મંત્રી રહી ચુક્યા હતા. અત્યારે પણ ઓસ્કર ફર્નાંડિઝ રાજ્યસભાના સાંસદ હતા.

યુપીએ સરકારના બંને કાર્યકાળમાં મંત્રી રહી ચુકેલા



ઓસ્કર ફર્નાંડિઝ લાંબા સમયથી ગાંધી પરિવાર સાથે કામ કરી રહ્યા હતા. રાજીવ ગાંધીના તેઓ સંસદિય સચિવ રહી ચુક્યા છે.

વર્ષ ૧૯૮૦માં કર્ણાટકના ઉડપ્પી લોકસભા બેઠક પરથી સાંસદ તરીકે ચૂંટાઈને આવ્યા હતા, ત્યારબાદ ૧૯૯૬ સુધી તેઓ સતત જીતતા રહ્યા. વર્ષ ૧૯૯૮માં કોંગ્રેસે તેમને રાજ્યસભામાં મોકલ્યા હતા, ત્યારથી તેઓ રાજ્યસભાના સભ્ય છે.

## ડેલ્ટા વેરિયન્ટથી ચીનમાં ફરી કોરોનાનો કાળો કહેર

### ચીનના પુતિયાન શહેરમાં કોરોનાના ૨૦ નવા કેસ : ચીનમાં અત્યાર સુધી ૯૫,૧૯૯ લોકો આ વેરિઅન્ટથી સંક્રમિત થયા, જેમાં ૪ હજાર ૬૩૬ના મોત નિપજ્યા છે

બેઈજિંગ, તા.૧૩

કોરોના વાઈરસનો કહેર રોકાવાનુ નામ લઈ રહ્યો નથી. ભારતની સાથે-સાથે સમગ્ર દુનિયાના દેશ આ સંક્રમણથી હજુ પણ ઝઝૂમી રહ્યા છે. ચીનમાં એકવાર ફરી કોરોના વાયરસનુ સંક્રમણ વધવા લાગ્યુ છે. ચીનના સ્વાસ્થ્ય વિભાગના અધિકારીઓએ જણાવ્યુ કે દેશના ફુઝિયાન પ્રાંતના પુતિયાન શહેરમાં કોરોનાના ૨૦ નવા કેસ સામે આવ્યા. જે બાદ અધિકારીઓએ ત્યાંના લોકોને શહેર ના છોડવાની સલાહ આપી છે.

પુતિયાનના સૌથી મોટા કાઉન્ટી જિયાનયૂમાં કોરોનાના તમામ ૨૦ કેસ સામે આવ્યા છે. જે બાદ આ સૌથી મોટી કાઉન્ટી સહિત શહેરના તમામ લોકોને સલાહ આપવામાં આવી છે કે શહેર છોડીને ક્યાંય બહાર જાઓ નહીં. શરૂઆતી તપાસમાં સામે આવ્યુ છે કે નવુ સંક્રમણ કોરોનાના ડેલ્ટા વેરિઅન્ટનુ છે. કોરોનાનુ ડેલ્ટા વેરિઅન્ટ ભારતથી બહાર ગયુ છે.

ચીનના નેશનલ હેલ્થ કમિશને જણાવ્યુ કે ફુજિયાનમાં સંક્રમણના ૨૦ નવા કેસ મળ્યા છે. જેમાં પુતિયાનમાં ૧૯ અને એક કેસ ક્વાંઝોઉમાં મળ્યો છે. આ સિવાય એક કેસ એવો પણ મળ્યો છે. જેમાં સંક્રમિત દર્દીમાં કોઈ લક્ષણ નહોતા, પરંતુ તપાસમાં તેને કોરોના વાયરસથી સંક્રમિત થવાની પુષ્ટિ થઈ છે. એક દિવસ પહેલા રવિવારે ચીનમાં કોરોના સંક્રમણના ૪૬ કેસ નોંધાયા. ચીનમાં અત્યાર સુધી ૯૫ હજાર ૧૯૯ લોકો આ વેરિઅન્ટથી સંક્રમિત થયા છે. જેમાં ૪ હજાર ૬૩૬ લોકોના મોત નીપજ્યા છે.

જોકે, ચીનમાં અગાઉ કોરોના સંક્રમણની લહેર ગત જુલાઈમાં ઘણી ઝડપી હતી, સાવચેતીના પગલે કેસ ઓછા થયા હતા પરંતુ એકવાર ફરી કેસ વધી રહ્યા છે અને લોકોના મૃત્યુ થઈ રહ્યા છે. જુલાઈના મહિનો જાન્યુઆરી ૨૦૨૦માં વુહાનમાં સામે આવેલા ક્લસ્ટર બાદ સૌથી ખરાબ સમય હતો.

નવા કેસ સિંગાપુરથી ગયા મહિને પાછા ફરનાર ચીની નાગરિક સાથે જોડાયેલા છે. જેમાં છ એવા કેસ છે જે સીધી રીતે ચીનના નાગરિકના કારણે સામે આવ્યા.

આ વ્યક્તિના સંપર્કમાં આવેલા નાના બાળકો સહિત સેંકડો લોકોને આઈસોલેટ કરવામાં આવ્યા છે. શુક્રવારે બે પરિવારના છ લોકો કોરોના સંક્રમિત થયા છે. જેમાં ૧૦ અને ૧૨ વર્ષના બાળક પણ સામેલ છે.

## આતંકીએ ખૂબ જ નજીકથી પાછળથી માથામાં બે ગોળી મારી એક પોલીસ કર્મચારીની હત્યા કરી

### પોલીસ કર્મચારીની હત્યા સીસીટીવીમાં કેદ



શ્રીનગર , તા.૧૩

જમ્મુ-કાશ્મીરના રાજૌરી જિલ્લામાં એક સર્ચ ઓપરેશનને પગલે રવિવારે સલામતી દળોએ એન્કાઉન્ટરમાં એક આતંકીને ઠાર કર્યો હતો. માનજાકોટે વિસ્તારમાં બારોતે ગલી નજીક દોરી માલના જંગલ વિસ્તારમાં આર્મી અને પોલીસની સંયુક્ત સર્ચ પાર્ટી પર આતંકીઓએ ગોળીબાર કરતાં એન્કાઉન્ટર શરૂ થયું હતું. સલામતી દળોએ જણાવ્યું હતું કે, સુરક્ષા દળોએ બાતમીના આધારે થાનામંડી વિસ્તારમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. એન્કાઉન્ટરમાં માર્યા ગયેલા આતંકીની અને તે કયા ગ્રૂપ સાથે સંકળાયેલો છે તેની માહિતી હજુ મેળવી શકાઈ નથી. અન્ય કેટલાક આતંકીઓ જંગલ વિસ્તારમાં ભાગી છૂટયા હતા.જમ્મુ-કાશ્મીરના શ્રીનગરમાં આતંકીઓ બેફામ બની રહ્યા છે. આતંકીઓ ધોળા દિવસે સલામતી દળના કર્મચારીઓ તેમજ ભાજપના

● અનુસંધાન પાન-૭ પર

## પેગાસસ મામલે તપાસ માટે પેનલ રચવા સરકાર તૈયાર

### મામલાને ગંભીર ગણાવી સુપ્રીમ કોર્ટે આકરૂં વલણ અપનાવતા સરકારે આ મુદ્દે શું કર્યું એ જણાવવા નિર્દેશ

નવી દિલ્હી, તા.૧૩

સુપ્રીમ કોર્ટમાં સોમવારે પેગાસસ મામલે સુનાવણી કરવામાં આવી હતી. સુનાવણીમાં કેન્દ્ર સરકારે સ્પષ્ટ કહ્યું હતું કે તે આ મામલે સોગંધનામું દાખલ નહીં કરે. તેની પાછળનું કારણ જણાવતા કેન્દ્રએ કહ્યું હતું કે આવી બાબતમાં સોગંધનામું દાખલ કરી શકાય નહીં. પરંતુ તે જાસૂસીના આરોપોની તપાસ કરવા માટે પેનલની રચના કરવા માટે સંમત છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે પત્રકારો અને જાણીતા લોકોએ જાસૂસીની ફરિયાદ કરી છે અને આ ગંભીર મામલો છે.

કોર્ટમાં સુનાવણી દરમિયાન ચીફ જસ્ટિસ રમનાએ આકરૂ વલણ અપનાવ્યુ. તેમણે કહ્યુ કે કોર્ટ જાણવા ઈચ્છે છે કે આખરે સરકાર આ મુદ્દે શુ કરી રહી છે. જોકે અગાઉની સુનાવણીમાં કેન્દ્ર સરકારે સોગંદનામુ દાખલ કરવા માટે બે વખત સમય લીધો હતો પરંતુ હવે તેમને સ્પષ્ટ રીતે મનાઈ કરી દીધી છે. સુનાવણીના અંતમાં સુપ્રીમ કોર્ટે નિર્ણય સુરક્ષિત રાખતા કહ્યુ કે પેગાસસ જાસૂસી કેસમાં એસઆટીની રચના થશે અથવા ન્યાયિક તપાસ થશે. આની પર નિર્ણય કરવામાં આવશે. આગામી બે-ત્રણ દિવસમાં આની પર નિર્ણય લેવાશે. કોર્ટે કહ્યુ કેન્દ્ર સરકારે એફિડેવિટ ફાઈલ કરવા પર ફરી વિચાર કરવો જોઈએ.

પેગાસસ એક સ્પાયવેર છે. સ્પાયવેર, જાસૂસી અથવા સર્વેલન્સ માટે વપરાતું સોફ્ટવેર છે. એના દ્વારા ફોન હેક કરી શકાય છે. હેક થયા બાદ ફોનનો કેમેરો, માઈક, મેસેજ અને કોલ સહિતની તમામ માહિતી હેકર્સને પહોંચી જાય છે. સ્પાયવેર ઈઝરાયેલની કંપની એનએસઓ ગ્રુપ દ્વારા બનાવવામાં આવ્યું છે.

## સ્વિસ બેંક ખાતાની વિગતોનો ત્રીજો સેટ આ મહિને ભારતને આપશે

નવી દિલ્હી , તા.૧૩

ભારતને સ્વિસ બેંકો તરફથી ભારતીયોની ખાતાની માહિતી સૌથી પહેલા સપ્ટેમ્બર, ૨૦૧૯મા મળી હતી જ્યારે માહિતીના બીજા સેટને સપ્ટેમ્બર ૨૦૨૦માં ભારતને સોપવામાં આવ્યો હતો. તેથી હાલ સપ્ટેમ્બર મહિનો હોવાથી ત્રીજો સેટ પણ ભારત આવવાની તૈયારીમાં છે. જોકે આ વખતની માહિતીમાં મોટી સંખ્યામાં ભારતીયોની વિગતો મળી શકે છે. કેમ કે પ્રથમ વખત રીઅલ એસ્ટેટની માહિતી પણ સોપાશે, તેથી મોટી કંપનીઓ અને બિલ્ડર લોબીના બેંકોમાં જમા નાણા સહિતની વિગતો મોટી સંખ્યામાં મળે તેવી શક્યતાઓ છે. ભારત અને સ્વિત્ઝર્લેન્ડ વચ્ચે થયેલા કરારો અંતર્ગત સ્વિસ બેંકો દ્વારા ભારતીયોના ખાતા, નાણા અને સંપત્તિ અંગેની માહિતીનો ત્રીજો સેટ આ મહિને ભારતને સોપવામાં આવશે. જોકે પ્રથમ વખત સ્વિત્ઝર્લેન્ડમાં ભારતીયો પાસે કેટલી સંપત્તિ રીઅલ એસ્ટેટમાં છે તેની માહિતી પણ ભારતને સોપવામાં આવશે. કાળા નાણા સામેની કાર્યવાહીના ભાગરુપે ભારતને આ માહિતી સ્વિસ બેંકો તરફથી અગાઉ બે વખત મળી ચુકી છે. પ્રથમ વખત સ્વિત્ઝર્લેન્ડમાં ભારતીયોની માલિકીના ફ્લેટ્સ, એપાર્ટમેન્ટ્સ સહિતની માહિતી આપવામાં આવશે. આ સંપૂર્ણ માહિતી આ મહિનાના અંત સુધીમાં ભારતને સોપવામાં આવશે. આ માહિતી મળ્યા બાદ તેની ચકાસણી કરવામાં આવશે અને તેમાં બ્લેક મની કેટલી છે તેનું અલગથી તારણ કાઢવામાં આવશે.

## કોરોના કોવેક્સિનને સપ્તાહમાં WHOની મંજૂરીની શક્યતા

### ભારત બાયોટેકે જુલાઈમાં દસ્તાવેજ-ડેટા આપ્યા હતા કોવેક્સિન માટે ભારત બાયોટેક દ્વારા ડબલ્યુએચઓ પાસે ઇમરજન્સી યૂઝ લિસ્ટિંગની માંગ કરવામાં આવી છે

નવી દિલ્હી, તા.૧૩

વિશ્વ સ્વાસ્થ્ય સંગઠ આ સપ્તાહે ભારત બાયોટેકની કોરોના વાયરસ વેક્સિન કોવેક્સિને મંજૂરી આપી શકે છે. સૂત્રોના હવાલાથી આ માહિતી સામે આવી છે. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન તરફથી કોવેક્સિનને અત્યાર સુધી ઈમરજન્સી યૂઝ લિસ્ટિંગ મળ્યું નથી. તે માટે ભારત બાયોટેકે સંગઠનની પાસે જુલાઈ મહિનામાં તમામ જરૂરી દસ્તાવેજ અને ટ્રાયલ સાથે જોડાયેલા ડેટા ઉપલબ્ધ કરાવ્યા હતા. હવે સૂત્રોનું કહેવું છે કે વિશ્વ આરોગ્ય સંગઠન આ સપ્તાહે કોવેક્સિનને મંજૂરી આપી શકે છે.

કોવેક્સિનના ઈમરજન્સી યૂઝ માટે તકનીકી નિષ્ણાંતો દ્વારા સમીક્ષા કરવામાં આવી રહી હતી. ડબ્લ્યૂએચઓના દક્ષિણ-પૂર્વ એશિયાના ક્ષેત્રીય ડાયરેક્ટર ડોક્ટર પૂનમ ખેત્રપાલ સિંહે જુલાઈમાં જણાવ્યું હતું કે તકનીકી નિષ્ણાંત સમિતિ ડોઝિયરની સમીક્ષા કરી રહી છે. તેમણે કહ્યું હતું કે, ફાઈઝર, એસ્ટ્રાઝેનેકા, મોડર્ના, જોનસન એન્ડ જોનસન, સિનોવેક અને સિનોફાર્માને ડબ્લ્યૂએચઓ દ્વારા ઈમરજન્સી યૂઝ લિસ્ટિંગ આપવામાં આવ્યું છે. કોવેક્સિન માટે ભારત બાયોટેક દ્વારા ડબલ્યુ એચઓ પાસે ઈમરજન્સી યૂઝ લિસ્ટિંગની માંગ કરવામાં આવી છે. કંપનીએ સાથે એક પૂર્વ-સબમિશન બેઠક કરવામાં આવી હતી. ત્યારબાદ જુલાઈની શરૂઆતમાં ભારત બાયોટેક દ્વારા વિશ્વ આરોગ્ય સંસ્થાને ડોઝિયર પ્રસ્તુત કરવામાં આવ્યું હતું. હાલ ઈયૂએલ આપવા માટે તકનીકી નિષ્ણાતો દ્વારા ડોઝિયરની સમીક્ષા કરવામાં આવી રહી છે.